# -: કિબ્લો :-

કુરઆને કરીમમાં બીજા સિપારાની ઈબ્તેદામાં કિબ્લાની ઝીક્ર છે અને તેની સહી હકીકત છે. રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) નો દિલી શૌક એ જ હતો કે, આપને ઈબ્રાહીમી કિબ્લો મિલે તેથી આપ આસ્માનની તરફ વહ્યના ઈન્તેઝારમાં જોયા કરતા. ૧૫ શાબાન ૨ હી. મંગલવારના દિન આપના આ શૌકને મુતાબિક ફરમાને ખુદા આવું કે બૈતુલ મુકદ્દસથી નઝર હટાવો અને મસ્જીદુલ હરામ તરફ રૂખ કરીને નમાઝ પઢો. કિબ્લાને તબ્દીલ કરવાનો હુકમ આવો જેને “તહવીલુલ કિબ્લા” કહેવાય છે.

રસૂલેખુદા (સ.અ.વ.વ.) પહેલા મક્કએ મોઅઝઝમામાં ૧૩ વરસ સુધી અને તે પછી મદીનએ મુનવ્વરામાં ૧૭ મહીના સુધી બૈતુલ મુકદસ તરફ રૂખ કરીને નમાઝ પઢતા રહ્યા. આ જોઈને યહુદીઓ મઝાક કરતા, તાઅના આપતા, એતેરાઝ કરતા કે, આ મોહંમદ (સ.અ.વ.વ.) જે ખુદને અલ્લાહના નબી કહે છે અને ઈસ્લામ દીન લઈને આવા છે, તે હમારા મઝહબની મુખાલેફત તો કરે છે પણ હમારા કિબ્લા તરફ નમાઝ પઢે છે. અને મક્કાના કુરૈશ કબીલાના કુફ્ફાર કહેતા કે, મોહંમદ (સ.અ.વ.વ.) પોતે ઈબ્રાહીમી દીન અને મિલ્લતનો દાવો તો કરે છે, પણ ઈબ્રાહીમી કિબ્લા યાઅની કે કાઅબતુલ્લાહને મૂકીને ઈસાઈ અને યહુદી કિબ્લા યાઅની બૈતુલ મુકદસ તરફ તવજ્જોહ કરીને ઈબાદત કરે છે. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ને આ તમામ તાઅના ભરી વાતોથી ઠેસ પહોંચતી હતી, દિલ બેકરાર રહેતુ હતુ અને આપને ઈઝા થાતી હતી. અલ્લાહની બારગાહમાં આપે ઈબ્રાહીમી કિબ્લાની નેઅમતને હાસિલ કરવા વાસ્તે તહે દિલથી દુઆ ગુઝારી. આપ (સ.અ.વ.વ.) ની દુઆને અલ્લાહતઆલાએ મકબૂલ ફરમાવી અને તે વાસ્તે જીબરઈલ (અ.સ.) ફરમાને ઈલાહી લઈને નાઝિલ થયા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર કાઅબતુલ્લાહ તરફ તવજ્જોહ કરવાનું ફરમાન આવું તે વક્ત આપ બૈતુલમુકદસ તરફ ઉભા રહીને ઝોહરના ફરઝની બે રકાત પઢી ચુકા હતા, તો ફરમાન મુતાબિક આપે બાકીની બે રકાત કાઅબતુલ્લાહ તરફ રૂખ કરીને પઢી અને ફરઝને તમામ કીધું. આ ફરમાન ફૌરન મદીનાની એક મસ્જીદમાં પહોંચું જેમાં મુસલ્માનો અસરના ફરઝની બે રકાત પઢી ચુકા હતા, તો એ તમામ બાકીની બે રકાત વાસ્તે કાઅબતુલ્લાહ તરફ તવજ્જોહ થયા. આ વાકેઆ બાદ તે મસ્જીદનું નામ “મસ્જીદુલ કિબ્લતૈન” પડી ગયું.

આ “તહવીલુલ કિબ્લા” પછી યહુદીઓ એતેરાઝ કરવા લાગા કે, કઈ ચીઝે મુસલમાનોને એના કિબ્લાથી ફીરાવી દીધા ? અલ્લાહતઆલા તરફથી જવાબ મિલો કે મશ્રિક અને મગરિબનો માલિક અલ્લાહતાઆલા છે, એ ચાહે તે હુકમ કરે અને ચાહે તેને સીધી રાહ બતાવે. રસૂલેઅકરમ (સ.અ.વ.વ.) અને એક યહુદી દરમ્યાન આ બાબત પર લંબી બહેસ થઈ તેનો મુખ્તસર ખુલાસો :

યહુદી : આ કિબ્લા (બૈતુલ મુકદસ) તરફ આપે ૧૪ વરસ સુધી નમાઝ પઢી અને પછી એ કિબ્લાને મૂકી દીધો, તો આપનો આ અમલ હક્ક છે કે બાતિલ છે ? અગર તે હક્ક (સાચો) છે તો આપે તેને મૂકીને ઘણી મોટી ભૂલ કીધી અને બાતિલ તરફ ગયા. અને અગર તે અમલ બાતિલ હોય તો આપ દરાઝ મુદ્દત તક તે પર કયા સબબ કાઈમ રહ્યા ?

રસૂલેપાક (સ.અ.વ.વ.): મારો તે અમલ પણ સાચો હતો અને આ અમલ પણ સાચો છે. મશ્રિક અને મગરિબનો માલિક અલ્લાહ છે, તે ચાહે એને સીધી રાહ બતાવે. જે ચીઝમાં અલ્લાહ તેના બંદાઓની ઈસ્લાહ અને ખૈર કરવા ચાહે તેનો જ તે હુકમ કરે છે અને બંદાઓને અલ્લાહની તદબીર અને મશીય્યતનો ઈન્કાર ન કરવો જોઈએ. અલ્લાહ જે ચાહે તે કરે છે. અય યહુદી, પહેલા તમે અઠવાડીયાના સાતે દિવસ કામ કરતા હતા અને પછી શનિવારે કામ કરવાનું બંધ કરી કીધું, તો તમારો પહેલો અમલ સાચો કે પછીનો સાચો ?

યહુદી : હમારા આ બેવે અમલ સાચા છે, શનિવારે હમે કામ કરતા હતા તે પણ હક્ક છે અને તે બાદ એ દિવસે કામ કરવાનું મૂકી દીધું એ પણ હક્ક છે.

રસૂલેપાક (સ.અ.વ.વ.): બસ, તો આ હમારો પહેલો અમલ પણ હક્ક છે અને પછીનો બીજો અમલ પણ હક્ક છે, બેવે કિબ્લા એના એના વક્તમાં બરહક્ક છે. અલ્લાહતઆલા હરએક ચીઝના અંજામને જાણે છે અને તે મુતાબિક હુકમ કરે છે. એ વાત ગલત છે કે, અલ્લાહે એક હુકમ કીધો હોય અને એમાં એની ગલતી હોય તો પછી એ હુકમના ખિલાફ બીજો હુકમ કરે અને પોતાની ગલતીને સુધારે ! તો મઆઝલ્લાહ આ અકીદો સરાસર ફાસિદ અને ગલત છે. બલ્કે અલ્લાહ સુબ્હાનોહુને પહેલેથી જ મુકમ્મિલ ઈલ્મ હોય છે અને તે મુતાબિક એ હુકમ કરે છે અને પછી એ હુકમને મિટાવી બીજો હુકમ જારી કરે છે.

બૈતુલ મુકદસને મૂકીને કાઅબતુલ્લાહ તરફ કિબ્લો બદલવાનો મત્લબ એ પણ થાય છે કે, તૈયબને ખબીસથી અને સાચા મુમીનને મુનાફિકથી અલગ કરવા અને તેની અસલીયતને પહેચાની તેમાં ઈમ્તેયાઝ કરવો. સબબ કે સાચો મુમીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હરના હરએક હુકમ અને અમરને એતેરાઝ કીધા બગૈર કુબુલ કરે છે અને જે મુનાફિક હોય છે તે એતેરાઝ કરતો રહે છે.

અલ્લાહતઆલા હમને નેક દિલ અને પાક સીરત સાચા મુમીન બનાવે અને હમારા અઈમ્મતે માઅસુમીન (અ.સ.) અને દુઆતે અમ્જદીન (અ.કુ.) જે હમારા ઈમાનના હકીકી કિબ્લા છે, તેઓની ઈતાઅત અને મોહબ્બત પર હમારો ખાતેમો બિલખૈર કરે. આમીન... ★